# સાદી રેખા, લક્ષ્મણરેખા, બન્ને વચ્ચે ફરક ઘણો છે, આ બાબતનું મોડે મોડે, પગલાંઓને ભાન થયું છે!

**કોરોનાની લક્ષ્મણરેખા દોરવા ગાંધીનગર સાહિત્યસભા દ્વારા વેબિનાર માધ્યમથી અનોખી કાવ્ય મહેફિલ યોજાઈ**



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિનાના બીજા રવિવારે તેમની નિયમિત માસિક બેઠક યોજવામાં આવે છે. કોરોના મહામારીના કારણે અત્યારે લોક ડાઉન હોવાથી આ વખતે ગાંધીનગર સાહિત્યસભા વેબિનાર દ્વારા એમની અનોખી કાવ્ય મહેફિલ યોજી હતી.

કાર્યક્રમની શરૂઆત નેહલ ગઢવી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે કારોબારી પરિચય આપી વેબિનાર દ્વારા કાવ્ય મહેફિલના આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાવ્ય મહેફિલના મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા સાહેબ હાજર રહ્યા હતા. એમણે સાહિત્યની પ્રવૃતિ બિરદાવી નવિન કારોબારીને શુભકામનાઓ આપી હતી.

કોરોનાની લક્ષ્મણરેખા કાવ્ય દ્વારા દોરવા પ્રથમ કવિ તરીકે ગુજરાતના ખ્યાતનામ ગઝલકાર કવિ શ્રી કિશોર જિકાદરા એમની અલગ અલગ મિજાજની રચના સાથે ઉપસ્થિત હતા. જુઓ એમના અદ્ભૂત શેઅર...

સાદી રેખા, લક્ષ્મણરેખા,
બન્ને વચ્ચે ફરક ઘણો છે,
આ બાબતનું મોડે મોડે,
પગલાંઓને ભાન થયું છે!
સીધી સાદી રેખા માટે, મારે
ક્યાં કૈં કહેવાનું છે?
લક્ષ્મણની એ દોરેલી છે,
એની તો મરજાદ કરી જો!

બીજા આમંત્રિત તરીકે કવિ શ્રી ભાગ્યેશ જહા સાહેબ ઉપસ્થિત હતા. એમણે વિશ્વ માતૃ દિવસની મા વિશેની હૃદય સ્પર્શી રચના સંભળાવી અને એ સિવાય અન્ય રચના દ્વારા શ્રોતાઓને મોજ કરાવી. આ બન્ને કવિઓએ મહેફિલ જમાવી દીધો હતી. આ સાથે કવિ શ્રી પ્રતાપસિંહ ડાભીએ કોરોના વિશે અને તરન્નુમ રચના પ્રસ્તુત કરી દાદ મેળવી લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. દિશા પોપટ દ્વારા ખૂબ સરસ રીતે કરવામાં આવ્યું.

આ વેબિનાર કાવ્ય મહેફિલને કિશોર ક્લાસિસ દ્વારા ટેકનોલોજી સહયોગ આપવા આવ્યો હતો. પ્રચાર પ્રસાર પ્રતિનિધિ અજય રાવલે સમગ્ર કાર્યક્રમનું ટેકનિકલ સંચાલન કર્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ નેહલ ગઢવી દ્વારા કરવામાં આવી હતી. વેબિનાર કાવ્ય મહેફિલમાં ૧૦૦ થી વધુ સભ્યો ઓનલાઈન જોડાયા હતાં. સાંપ્રત સમયમાં ટેકનોલોજીના માધ્યમથી એક સુંદર મહેફિલ આયોજિત થઈ હતી જેનો લાભ દેશ વિદેશના સાહિત્ય પ્રેમીઓને મળ્યો હતો.

# એસ. વી. પ્રિ-સ્કૂલ દ્વારા ડિજિટલ એજ્યુકેશન શરૂ કરાયું




ગાંધીનગર, તા.૧૧

વૈશ્વિક મહામારી કોરોનાને કારણે ગાંધીનગરમાં લોકડાઉન ચાલી રહ્યું છે, ત્યારે અન્ય ક્ષેત્રોની માફક શિક્ષણ જગત ઉપર અને બાળકોના અભ્યાસ ઉપર પણ આની અસર પડી રહી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. પ્રિ-સ્કૂલ આ તમામ મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવા કટિબધ્ધ છે. આ અંતર્ગત શાળા દ્વારા ડિજિટલ ટીચીંગના માધ્યમથી વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.

શાળાના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચના જણાવ્યા પ્રમાણે બાળકોને શિક્ષણ ઉપરાંત યોગ, ડાન્સ, ડ્રોઈંગ, ક્રાફ્ટ વગેરે જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવશે. સાથે સાથે, બાળકો ઘરે બેસીને તૈયાર કરી શકે એવા પ્રોજેક્ટ પણ આપવામાં આવશે કે જેથી તેમની આંતરિક શક્તિનો વિકાસ પણ શક્ય બને. આ ડિજીટલ ટીચીંગમાં સહયોગ આપવા બદલ શાળા પરિવાર દ્વારા વાલીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.



ગાંધીનગર સેકટર-૨૩, કડી, જે પી પ્રાઈમરી સ્કૂલમાં ભણતા જયકુમાર હિમાંશુ પંડિતે લોકડાઉનના સમયમાં પોતાની કલાશક્તિ દર્શાવી અદ્ભૂત ચિત્રનું સર્જન કર્યું હતું.

# વિદ્યાપીઠ દ્વારા લોકડાઉનના સમયગાળામાં કોરોના વાયરસની સામે થતી વિવિધ સમાજ લક્ષી પ્રવૃત્તિઓ

ગાંધીનગર, તા.૧૧

ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રીના માર્ગદર્શનમાં લોક ડાઉનના સમયગાળામાં કોરોના વાયરસની સામે થતી વિવિધ સમાજ લક્ષી પ્રવૃત્તિઓ થઈ રહી છે ભારત સરકારના સોશલ ડિસ્ટન્સના નિયમના પાલન કરી ગરીબ અને પછાત વર્ગના લોકોને અનાજ વિતરણ, માસ્ક વિતરણ અને તેમને ખાવા



પીવાની વસ્તુઓની મદદ કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી ડો. અનામિકભાઈ શાહ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને સક્રિય રૂપે માર્ગદર્શિત અને પ્રોત્સાહિત કરી રહ્યા છે અને આયુષ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી જાગૃત્તિના સાહિત્ય સોશલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહુચાડવા માટે રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયમ સેવકો અને વિદ્યાર્થીઓને નિરંતર અને સક્રિય તરીકે માર્ગદર્શન આપી રહ્યા છે અને ડો અનામિક શાહના કુલનાયક બન્યા પછી સંપૂર્ણ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે ૨૧ દિવસના યોગ, પ્રાણાયામ અને ધ્યાનના સર્ટિફિકેટ કોર્સ અનિવાર્ય તરીકે કરાવવામાં આવે છે જેમાં યોગ વિભાગના અધ્યક્ષશ્રી ડો. બિમાન બિહારી પાલ સાહેબની વિશેષ ભૂમિકા રહે છે આજે કોરોના મહામારીની સામે વિદ્યાર્થીઓ આ તાલીમના લીધે પોતાની રોગ પ્રતિરોધક શક્તિમાં વૃદ્ધિ કરી આ મહામારી સામે પોતાને સલામત રાખી બીજા સગાસંબંધીઓ અને અન્યને સોશલ મીડિયાના માધ્યમથી યોગ કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે જયારે વિશેષમાં ગૂજરાત વિદ્યાપીઠમાં શારીરિક શિક્ષણ અને યોગ વિભાગ હોવાથી યોગ, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા લોકો કેવી રીતે પોતાની રોગ પ્રતિકારક શક્તિ વધારી શકે છે અને કોરોના સામે લડી શકે છે તેવા સાહિત્ય તૈયાર કરવા માટે પણ પોતાના ફેકલ્ટી મેમ્બરને માર્ગદર્શિત કરી રહ્યા છે અને ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા વિશ્વ યોગ દિવસ પર તૈયાર કરેલી યોગ સાહિત્ય પ્રોટોકોલની યોગ પુસ્તિકાને પણ સોશલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચે તેના માટે વિદ્યાર્થીઓ ને સ્વય સેવકોને સમજાવી રહ્યા છે અને ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વય સેવકો, વિદ્યાર્થી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીને ભારત સરકારની યુવા કલ્યાણ અને ખેલ મામલે મંત્રાલયની આઈગોટ દીક્ષા વેબસાઈટ પર પોતાને વોલન્ટીયર તરીકે રજીસ્ટર્ડ કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે અને ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ સંયોજક, પ્રોગ્રામ ઓફિસર અને સ્વય સેવકો, વિધાર્થી અને ભૂતપૂર્વ વિધાર્થીઓને કોરોના મહામારી સામે પોત પોતાના ગામોમાં ભારત સરકારના લોક ડાઉનના નિયમોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે બધાજને નિર્દેશિત અને માર્ગદર્શિત કરી રહ્યા છે સાથે સાથે ગૂજરાત વિદ્યાપીઠના ફેકલ્ટી મેમ્બરોને કોરોના મહામારીના સંદર્ભમાં વિવિધ આયામો પર સંસોધન કરવા માટે, શોધ પત્ર લખવા માટે અને આર્ટીકલ લખવા માટે પણ પ્રોત્સાહિત અને પ્રેરિત કરી રહ્યા છે વિશેષમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી પ્રો. અનામિક ભાઈ શાહ ગુજરાત રાજયના શિક્ષણ ખાતા, રાજય રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને ક્ષેત્રીય રાષ્ટ્રીય સેવા યોજના કેન્દ્ર સાથે સંકલન કરી ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત રાજયની યુનિવર્સીટી અને કોલેજોના વિદ્યાર્થીઓ કેવી રીતે આ કોરોના મહામારી દરમ્યાન પોતાની સેવા આપી શકે તેના માટેની માર્ગદર્શિકામાં પોતાની સક્રિય ભૂમિકા આપી રહ્યા છે આ બધી પ્રકારની સમાજ સેવા પ્રવૃત્તિઓમાં ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધીનો સિંહ ફાળો રહેલો છે.

# ‘ગાંધી કાવ્ય કુંજ’ ગુજરાતીમાં પ્રથમ ઑનલાઈન પુસ્તક પ્રકાશિત

ગાંધીનગર, તા.૧૧

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગરના ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા ગુજરાતના સ્થાપના દિવસે રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીના જીવન પર આધારિત કવિ સંમેલન તારીખ ૧ લી મે ૨૦૨૦ના રોજ ઑનલાઈન આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં ૫૦ જેટલા કવિ ઓ એ પૂરા ભારત દેશમાંથી બેંગલોર, મુંબઈ, દિલ્હી, નાસિક, વારાણસી અને ગુજરાતના તમામ જિલ્લાઓમાં થી કવિ ઓ એ ભાગ લીધો હતો અને જે રચના ઓ રજૂ કરી હતી તેનું સંકલન કરી પુસ્તક પ્રકાશિત કરવામાં આવે તેવી સૌ ની લાગણી હતી તેથી મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ સંપાદક અને ડૉ ભાવના સાવલિયા રાજકોટ દ્વારા સંપાદન કરી આ પુસ્તક પ્રકાશક સાહિત્ય દર્શન દ્વારા ઈ બુક સ્વરુપ માં




પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેની કિમત રૂપિયા પચાસ રાખવામાં આવી છે. આ પુસ્તક એમેઝોન પર ઑન લાઈન ઉપલબ્ધ થઈ શકશે.

ડૉ ગુલાબચંદ પટેલને ગુજરાતી સાહિત્યસભામાંના પ્રમુખ સંજય થોરાત, નટવર ભાઈ હેડાઉ પ્રમુખ સાહિત્ય સંગમ, સંસદ સભ્ય ડૉ કિરીટ ભાઈ સોલંકી, ગાંધીનગર સમાચાર પત્રના તંત્રી કૃષ્ણકાન્ત જહા સાહેબ અને ડેપ્યૂટી મેયર નાજા ભાઈ ઘાંઘર ગાંધીનગર મહાનગર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# મધર્સ ડે નિમિત્તે ‘માનું સ્નેહ ઝરણું’ સાહિત્ય સંગમ દ્વારા અનોખો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગરના ઉપક્રમે યોજવામાં આવેલ ઓનલાઈન કાર્યક્રમ ‘મા તું સ્નેહનું ઝરણું’ માં આપણા ગુજરાતી અને હિન્દી ભાષાના કવિઓ, સર્જકો દ્વારા ખુબ જ ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં ‘મધર્સ ડે’ને અનુલક્ષીને ‘મા’ને સમર્પિત હૃદયના ભાવો, ઉર્મિઓ, લાગણીઓને વ્યક્ત કરતી ૧૫૦ જેટલી ગીત, ગઝલ, અછાંદસ કાવ્ય, પ્રસંગકથા, લઘુકથા જેવા સાહિત્ય સ્વરુપોમાં માત્ર ૨૦૦ શબ્દોમાં સુંદર રજૂઆત કરતી કૃતિઓ પ્રાપ્ત થઈ હતી.

જે પૈકી ૮૫ જેટલી શ્રેષ્ઠ રચનાઓને પસંદ કરવામાં આવી હતી. અને તે તા. ૧૦મી મે, ૨૦૨૦ રવિવારના રોજ સાંજે ૫ કલાકે ‘ગુજરાત સાહિત્ય સંગમના ફેસબુક પેજ પર પ્રસ્તુત કરવામાં આવેલ છે. જેને ખુબ જ સારા પ્રતિભાવો પ્રાપ્ત થઈ રહ્યા છે. તેમ ગુજરાતી સાહિત્ય સંગમના અધ્યક્ષ નટવર હેડાઉ અને મહાસચિવ લલિત કિશોર અગ્રવાલ દ્વારા જણાવવામાં આવ્યું છે.’

માતૃપ્રેમના સ્નેહની ઝરણાંને હૃદયના ઉમળકાથી રજૂ કરતી આ કૃતિઓ http/ www.facebook.com/ gujarat sahitya sangam. પર ભાવકો માણી શકે છે. તે માટે ગુજરાત સાહિત્ય સંગમના મે અને આ પ્રકલ્પની પરિકલ્પના તેમજ સંકલન કરતા કિરણભાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે.



યશ કાનભાઈ ઠાકોર ઉ.વ. ૧૨,સેકટર-૬નાં બાળકને કાઉન્ટ ઘટી જવાથી ૩ બોટલ એબી પોઝિટિવ લોહીની તાત્કાલિક જરૂર પડતાં ગાંધીનગર સિવિલ ખાતે રેડક્રોસ સોસાયટીનાં નિમેષ ચૌહાણ અને મુકુન્દ પરમારને જાણ કરતાં તેઓએ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ પહોંચી રક્તદાન કર્યું હતું. ત્રીજી બોટલ વનરાજસિંહ સોઢાએ આપી હતી. આ ત્રણેય રક્તદાતાઓને બાળકના પરિવારે હૃદયથી સલામ પાઠવવામાં આવ્યા હતા.



ગ્રંથાલય નિયામક કચેરી ગાંધીનગર ખાતે જિલ્લા ગ્રંથપાલ તરીકે રાજારામ મોહનરાય ફાઉન્ડેશન શાખામાં ફરજ બજાવતા મહેશભાઈ એ રાવલ તા. ૩૦મી એપ્રિલે, ૨૦૨૦ના રોજ વયનિવૃત્તથી નિવૃત્ત થતા નિયામક ગ્રંથાલય કચેરી તથા રાજય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર સ્ટાફ પરિવાર તરફથી તેમનું નિવૃત્ત જીવન સુખરુપ નિવડે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# પાંપણ વચ્ચેથી ક્ષિતિજો વિસ્તારી લાઈક મેળવતી ગઝલો

ગઝલ ને પ્રિયતમા સાથેના ગૂફતેગુ કહવાય છે. અરબી અને ફારસીમાંથી આવેલો આ સાહિત્ય પ્રકાર ગુજરાતી ભાષામાં પોતાનું આગવું અને પોતીકું રુપ ધારણ કરી રહ્યો છે. ગઝલ એ દર્દનો વિષય છે. દર્દ જેટલું વધારે ઘુંટાય એટલી ગઝલ સમૃદ્ધ બને ફિરાક ગોરખપુરી ઉર્દૂ સાહિત્યનાં ઈતિહાસમાં ગઝલનો અર્થ કરતાં કહે છે કે, ‘ગઝલ એટલે તીર ખૂંપેલા હરણની ચીસ’ આ ગઝલ સમયની સાથે અનેક સોપાનો સર કરી આજની સ્થિતિએ આવી છે. વિભિન્ન ભાષાના શબ્દકોશો અને વિદ્વાનોના પુસ્તકોમાં ગઝલની ૧૬ જેટલી વ્યાખ્યાઓ આપવામાં આવી છે. પરંતુ ગઝલનો ક્રમિક વિકાસ જોઈએ તો એક જમાનામાં બાદશાહોના દરબારોમાં યોજાતા મુશાયરાઓ દ્વારા તેને રાજ્યાશ્રય મળ્યો હતો. તે પછી ગઝલ તવાયફોના મુજરામાં ગવાવા લાગી અને તેને ખુબ વાહવાહી પણ મળી. આ ગઝલને શાયરો લોકો વચ્ચે લઈ આવ્યા અને તે લોકરંજનનું સાધન બની ત્યારે આહ અને વાહ... મેળવવામાં તે માત્ર શબ્દમત બનીને રહી ગઈ... પરંતુ કેટલાક કૌવતવાળા વિદ્વાન શાયરોએ તેને જીવતી રાખી. એક એવો સમય પણ આવ્યો કે ગઝલ તેના રચયિતાને બદલે ગાયકના નામે જાણીતી થવા લાગી.

આજના જમાનામાં વોટ્સએપ ગ્રુપ કે ફેસબુક વૉલ પર લાઈક, કોમેન્ટ અને શૅરને તરસતી ગઝલ કયારે કોના નામે ફોરવર્ડ થઈ જાય તે ખબર જ ન પડે એવી સ્થિતિ છે. છતાં તેની વિસ્તરતી ક્ષિતિજો શાયરોને લુભાવ છે અને લાઈક મહદોશ બનાવે છે. ત્યારે કયાંક, કયારેક સાચી, સારી અને જેને સાચેસાચ ગઝલ કહી શકાય તેવી રચનાઓ દુર્લભ બનતી જાય છે તેવા સમયમાં આ માધ્યમ દ્વારા જ પાંપણ વચ્ચેથી ઉડતા પંતગિયા કે પંખીની જેમ રોજ એક નવો શૅર લખીને મુકવાની હઠ લઈ બેઠેલા શાયરની ગઝલો, માણવી ગમે તેવી તો છે જ.

પાંપણ વચ્ચે (ગઝલ સંગ્રહ)માં કવિ કિશોર જીકાદરાનો આ બીજો સંગ્રહ છે. જેમાં તેમણે ૧૨૮ પાનામાં ૧૦૮ ગઝલો તેના શિર્ષકો અને તે કયાં કયારે પ્રગટ થઈ




તેની વિગત સાથે મુકી છે. ‘શબ્દના સથવારે...’ તેમને પોતાની કૅફિયત રજૂ કરી છે. જેમાં તેઓ કહે છે કે ‘હકીકતથી બહુ વેગળું પછી ન જવાય અને સચ્ચાઈથી અડોઅડ ચાલતું હોય તે હાથનો ગઝલનો જ પકડવો પડે.’ કવિ હર્ષદ ત્રિવેદીએ એક તરફ તો કિશોરભાઈને ગઝલોને પૌઢિપૂર્ણ કહી છે છતાં એમ પણ નોંધે છે કે બહુ ઓછી જગ્યાએ એમને રોકાવું પડ્યું છે. હા, છંદની એકવિધતા કાને પડી ખરી! કવિને જે હાથવગા ને ફાવી ગયેલા છંદો છે. તેમાંથી મુક્તિ મેળવી નવા શિખરો સર કરવા રહ્યા ‘અહીં આપણા વરિષ્ઠ કવિ હરિકૃષ્ણપાઠકે પણ કવિને ‘નોખા અનોખા ગઝલ કવિ’ તરીકે ઓળખાવ્યા છે. કવિના હસ્તાક્ષરમાં પ્રગટ કરેલી ગઝલમાં કંઈક આમ કહે છે.

જયારથી તારા ઉપર અધિકાર જેવું ના રહ્યું,
ગામમાં મારે પછી ઘરબાર જેવું ના રહ્યું.

અને બીજો એક સુંદર શૅર -

છાપરું મેં એ જ કારણથી પછી ચાળ્યું નહીં,
કયાંક અજવાળું ફરીથી ચાળવાનું હોય તો ?

અને આ શૅર પણ જૂઓ -

બધાની નજરમાં માનવ હું અદનો,
નડ્યો પ્રશ્નો અમને અમારા જ કદનો.

તો આ સંગ્રહનું નામકરણ થયું છે તે ગઝલનો શૅર પણ જોઈ જ લઈએ -

ટપકી ટપકી જળ ખૂટ્યાં પાંપણની વચ્ચે,
તોય તરસ અકબંધ રહી છે રણની વચ્ચે.

ગઝલકાર કિશોર જીકાદરાના સ્વભાવમાં ઋજુતા અને સંવેદનશીલતા સાથે કર્મઠતા, કાર્યદક્ષતા સાથે જે ગઝલ સાધના કરી રહ્યા છે તેને સો સો સલામ સાથે તેમના આ સંગ્રહને આવકારું છું અને તેમને અભિનંદુ છું.

**પાંપણ વચ્ચે (ગઝલ સંગ્રહ)**
**લેખક - કિશોર જીકાદરા**
**પ્રકાશક - રન્નાદે પ્રકાશન અમદાવાદ**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯**
**કિંમત રૂા. ૧૩૦/-**

## જન્મદિને વધામણી



**મહેન્દ્રભાઈ ત્રિવેદી**
અધ્યક્ષ
પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
મો. ૯૮૨૫૦ ૩૫૮૩૩



**બી બી સિંહ**



**યુવરાજ રોહિત**
મો. ૮૫૧૧૭ ૭૮૩૦૫



**જિતેન્દ્ર વી શાહ**
ગુજરાત ઈતિહાસ પરિષદ
મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮



**ફાધર શાઈજી**
કેથોલિક ચર્ચ
મો. ૯૪૨૭૫ ૪૪૮૦૪



**નિહાન અલ્પ પટેલ**
મો. ૯૯૦૪૩ ૫૩૯૩૦



**વિનોહચંદ્ર ગોર**
મો. ૯૯૨૪૩ ૩૧૧૯૭



**શશિકાન્ત મોઢા**
સૌરાષ્ટ્ર કચ્છ-સમાજ



**શિરિષભાઈ વર્મા**
સૌરાષ્ટ્ર કચ્છ-સમાજ



**નિહાન એ પટેલ**



**પુષ્કરાજસિંહ ચૌહાણ**